## 1. ''ઐતિહાસિક સાધનસામગ્રી વગર આપણે ઇતિહાસ જાણી શકતા નથી.'' વિધાન સમજાવો.

- ''દસ્તાવેજ નહિ, તો ઇતિહાસ નહિ'' ઐતિહાસિક સાધનસામગ્રીમાં વિવિધ પ્રકારની સામગ્રીઓનો સમાવેશ થાય છે. જેમાં, કેટલીક સામગ્રી અલેખિત તો કેટલીક સામગ્રી લેખિત હોય છે. ઐતિહાસિક સાધનોમાં સમાવેશ એવા દસ્તાવેજો, ગ્રંથો અને પુસ્તકો જે તે સમયની ભારતની રાજકીય, સામાજીક, આર્થિક અને સાંસ્કૃતિક સ્થિતિ પર પ્રકાશ પાડે છે. ઐતિહાસિક સાધનો પૈકી કેટલાક પુસ્તકો જેવા કે દાદાભાઈ નવરોજીના પુસ્તક ''પોવર્ટી એન્ડ અનબ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા''.
- ડૉ. તારાચંદના ''ફ્રીડમ મુવમેન્ટ ઓફ ઇન્ડિયા'' લેમિન્સ અને કોલિયરે ''અડધી રાત્રે આઝાદી'' અને બિપિનચંદ્રના પુસ્તક ''સ્વતંત્રતા કે બાદ ભારત'' જેવા પુસ્તકોનું વાંચન ભારતનો સ્વતંત્રસંગ્રામની વિવિધ બાબતોને આપણી નજર સમક્ષ ખડું કરે છે. તેવી જ રીતે મુગલ બાદશાહોના સમયના સિક્કાઓ, કંપની શાસન સમયના સિક્કાઓ અને દેશી રજવાડાના રાજાઓના સિક્કાઓ જેતે સમયના આર્થિક સમૃદ્ધિની ચાડી ખાય છે.
- ભારતમાં વિવિધ ઐતિહાસિક સાધનસામગ્રી અભિલેખાગારમાં રાખવામાં આવે છે. ભારતનું રાષ્ટ્રીય અભિલેખાગાર (દિલ્લી) અને રાજ્ય કક્ષાનું અભિલેખાગાર (ગાંધીનગર)માં આવેલું છે. જેમાં, ભારતમાં આવેલ વિવિધ રાજકીય ઘટનાઓ, વિવિધ શાસકો, વિદેશી પ્રજાઓના આગમન, સ્વતંત્રતાની ચળવળ અને આઝાદી પછીના ભારતની વિવિધ સ્થિતિઓ પર પ્રકાશ પાડે છે. આમ, ઐતિહાસિક સાધનસામગ્રી ભૂતકાળના બોલતા પુરાવા તરીકે આપણને ઇતિહાસ જાણવામાં મદદરૂપ બને છે.

## 2. ભારતમાં પોર્ટુગીઝ ઇતિહાસને લગતી સાધનસામગ્રી પર નોંધ લખો.

- ભારતમાં પોર્ટુગીઝ સાધનસામગ્રી ગોવા (પણજી) અને પોર્ટુગલ(લિસ્બન)નાં સરકારી દફતરખાતાઓ, પુરાતત્વ ખાતાઓ અને સંગ્રહાલયોમાં સાચવવામાં આવી છે. પોર્ટુગીઝ સાધનસામગ્રીના આધારે એફ. સી ડનવર્સે રિપ્રોટ ઓન ધી પોર્ટુગીઝ રેકોર્ડ્ઝ' ગ્રંથ તૈયાર કર્યો છે.
- ભારતીય ઇતિહાસકાર સુરેન્દ્રનાથ સેને ગોવામાં સંગ્રહાયેલા દસ્તાવેજોના આધારે વિસ્તૃત અહેવાલ તૈયાર કર્યો છે. વાસ્કોદગામા, ગવર્નર આલ્ફાન્ઝો , આબુકર્ક, ડુઅર્ટો બાઝા અને પાદરી મોન્સરેટેની નોંધો અગત્યની છે. સમકાલીન, અરબી, ફારસી, અંગ્રેજી, મરાઠી, કન્નડ વગેરે ભાષાઓનાં સાધનોમાંથી પોર્ટુગીઝોને લગતી વિગતો પ્રાપ્ત થાય છે, અને તે પોર્ટુગીઝોનાં લખાણોની ત્રુટિઓ દૂર કરવામાં મદદ કરે છે. આ સાધનો મુઘલ શાસકો, બિજાપુર, ગોવલકોંડા, વિજયનગર, વગેરેના સંબંધો અંગેની માહિતી આપે છે.
- ડૉ. જી. એમ. મોરાયસે એ હિસ્ટ્રી ઓફ ક્રિશ્ચિયાનિટી ઇન ઇન્ડિયામાં ઈ.સ. 1542 સુધીની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો છે. 'મુંબઈ ગેઝેટિયર' અને 'કેમ્બ્રિજ ઇતિહાસ'ની શ્રેણીનો પાંચમો ગ્રંથ ભારતમાં પોર્ટુગીઝની પ્રવૃત્તિઓની સળંગ અને વિપુલ માહિતી આપે છે. ભારતીય વિદ્યાભવનના ડો. આર. સી. મજમુદારના ગ્રંથમાળામાં પણ પોર્ટુગીઝને લગતી માહિતી મળે છે.

## 3. ભારતનો બ્રિટિશકાલીન ઇતિહાસ જાણવા માટે કઈ સાધનસામગ્રી પ્રાપ્ત થાય છે ?

- ભારતમાં બ્રિટનની ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું (1757 થી 1857) શાસને રહ્યું છે ત્યારેબાદ (1858 થી 1947) બ્રિટિશતાજનું શાસન રહ્યું. ભારત પર લગભગ 200 વર્ષ જેટલા લાંબા સમય સુધી બિટિશરોએ શાસન ચલાવ્યું હોવાથી બ્રિટિશ કાલીન ઇતિહાસ જાણવા મોટા પ્રમાણમાં ઐતિહાસિક દસ્તાવેજો પ્રાપ્ત થયા છે.

- ભારતમાં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની અને બ્રિટિશ તાજના શાસન કાળના લગતા સૌથી વધુ દસ્તાવેજો (આશરે 50,000 પુસ્તકો) લંડનની ઈન્ડિયા ઓ હિ સના પુસ્તકાલયમાં છે , ભારતના રાષ્ટ્રીય અભિલેખાગારમાં યુરોપીય પ્રજાઓને લગતી વિવિધ માહિતી છે.
- મુંબઈ, ચેન્નઈ અને કો લ કાતાના દફતરખાતાઓ તથા પુરાતત્ત્વખાતાઓનો દરતાવેજો ઉપયોગી છે . વિન્સ્ટન્ટ સ્મિથ, એલ્ફિન્સ્ટન , પી. ઈ. રોબર્ટસ તથા થોમસન એન્ડ ગેરેટ કૃત પુસ્તકો અને કેમ્બ્રિજ હિસ્ટ્રી ઓફ ઇન્ડિયાના ગ્રંથ 5 અને 6 માં બ્રિટિશ શાસનકાળનું વિસ્તૃત આલેખન છે. ક્લાઇવ અને વોરન હેસ્ટીઝ પર પુષ્કળ લખાણ મળે છે. પરંતુ તે લખાણોમાં હિન્દીઓ પરત્વેના લેખકોના પૂર્વગ્રહો નજરે પડે છે. કોર્નવોલિસ, વેલેસ્વી, વિલિયમ બેન્ટિક, ઓકલેન્ડ, એલ એન બરો, ડેલહાઉસી વગેરેના જીવન અને કારકિર્દી વિશે અનેક પુસ્તકો લખાયાં છે. જેમાં તેમની આંતરિક નીતિની ચર્ચા છે. મહેસૂલી બાબતોને લગતું પોલવેલનું પુસ્તક 'લેન્ડ સિસ્ટમ ઓફ બ્રિટિશ ઇન્ડિયા' (ત્રણ ભાગ) નોંધપાત્ર છે.

### 4. ઈ.સ. 1857ના મહાવિદ્રોહ જાણવા માટે કઈ સાધન સામગ્રી પ્રાપ્ત થાય છે?

- ભારતમાં 1857ના મહાવિદ્રોહ વિશે ખાસ કરીને સ્વતંત્રતા બાદ મોટા પ્રમાણમાં ઐતિહાસિક સાહિત્ય રચાયું છે. આ દસ્તાવેજો ભારતીય પુરાતત્ત્વ ખાતા તેમજ લંડનની કોમનવેલ્થ કચેરીના ગ્રંથાલયમાં સંગ્રહિત છે. આ મહાવિદ્રોહ વિશે સૌપ્રથમ (1859) સર સૈયદ અહેમદે લખાણે કર્યું હતું. ત્યારબાદ વીર સાવરકરે 1957ના મહાવિદ્રોહને 'ભારતનો પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ' આલેખતું પુસ્તક લખ્યું.
- સુરેન્દ્રનાથ સેને સૌથી મહત્ત્વપૂર્ણ કહી શકાય તેવો 'અઢારસો સતાવન' નામનો ઐતિહાસિક ગ્રંથ લખ્યો. આર. સી. મજમુદાર જેવા સમર્થ ઇતિહાસકારે 'ધ સિપોય મ્યુટીની ઓફ ઇન્ડિયા1857' લખ્યું . એસ . બી. ચૌધરી, બિપિનચંદ્ર, સુમિત સરકાર જેવા ભારતીય ઇતિહાસકારો એ આ મહાવિદ્રોહ વિશે મહત્ત્વપૂર્ણ ગ્રંથો લખ્યા છે. 1957ના મહાવિદ્રોહ વિશે મહાન સામ્યવાદી ચિતક કાલ માર્ક્સ અને ઇંગ્લેન્ડના વડાપ્રધાન ડિઝરાયલીએ લખેલું લખાણ સૌથી મહત્ત્વપૂર્ણ છે.
- જે ડબલ્યુ. કેશીએ અને કર્નલ જી, બી. મોલેસને 'હિસ્ટ્રી ઓફ ધ સિયોય વોર' લખ્યું છે. જહોન કે અને સિપેરે પણ આ મહાવિદ્રોહ વિશે મહત્ત્વપૂર્ણ ગ્રંથ લખ્યા છે. ગુજરાતમાં 1857ના મહાવિદ્રોહ સંદર્ભે ડો. આર. કે. ધારૈયાએ અગત્યનો સંશોધનગ્રંથ પ્રસ્તુત કર્યો છે.

### 5. આધુનિક ભારતનો ઇતિહાસ જાણવા માટે આધુનિક ઇતિહાસકારોનું ઐતિહાસિક પ્રદાન ચર્ચો.

- ઈ.સ. 1822 પછીનો સમય આધુનિક ભારત તરીકે ઓળખાય છે. આ સમયગાળા ની ઐતિહાસિક ઘટનાઓ ને વિવિધ ઇતિહાસકારોએ પોતાની રીતે નિરૂપણ કરી સંગ્રહિત કર્યા છે, આ ઇતિહાસ કારોમાં વી, એ. મિથનું 'ઓક્સફર્ડ હિસ્ટ્રી ઓફ ઇન્ડિયા, પી. ઈ. રોબર્સનું 'ડિસ્ટ્રી ઓફ બ્રિટિશ ઇન્ડિયા અને થોમસની એન્ડ ગેરેટનું 'રાઈસ એન્ડ ફુલફિલમેન્ટ બ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા' અગત્યના ગ્રંથો ગણાવી શકાય.
- ભારતના બંધારણીય ઇતિહાસને ઉજાગર કરતા ગ્રંથોમાં એ. સી, બેનર્જી કૃત 'ઇન્ડિયન કોન્સ્ટિટ્યુશનલ ડોક્યુમેન્ટ્સ, એ, બી. કીથનું 'ભારતના બંધારણીય ઇતિહાસ' અગત્યના ગ્રંથો છે. ઉપરાંત ભારતીય સ્વતંત્રતા સંગ્રામ અને આ સંગ્રામના ઘટનાઓ વિશે પુસ્તકો, ગ્રંથો, દસ્તાવેજો , વર્તમાનપત્રો જેવા સ્વરૂપે સાધનસામગ્રી મળે છે.

- દાદાભાઈ નવરોજીના પુસ્તક 'પ્રોપર્ટી એન્ડ અનબ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા', રોમેશચંદ્ર દત્તના 'ઇકોનોમિક હિસ્ટ્રી ઑફ ઇન્ડિયા'. પટ્ટાભી સીતારામૈયાના ગ્રંથ હિસ્ટ્રી ઑફ ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ તેમજ ડૉ. તારાચંદના ''ફ્રીડમ મુવમેન્ટ ઓફ ઇન્ડિયા'ના ગ્રંથો આ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ છે. ભારતીય ઇતિહાસકારોએ સ્વતંત્રતા સંગ્રામ વિશે વિભિન્ન દષ્ટિકોણથી ભારતીય સ્વતંત્રતાનો ઇતિહાસ રાષ્ટ્ર સમક્ષ મૂક્યો છે. આર. સી. મજુમદારના વડપણ હેઠળ સમગ્ર ભારતનો ઇતિહાસ લગભગ બાર જેટલા ભાગોમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે.
- રાજા રામમોહનરાયથી લઈને મહાત્મા ગાંધી સુધીના મહાન ભારતીયો વિશે પણ મહત્ત્વપૂર્ણ પુસ્તકો લખાયાં છે, નગેન્દ્રનાથ ગુપ્તાનું પુસ્તક 'સેવન લાઈસ' આ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ ગણી શકાય. મહાત્મા ગાંધીના જીવન અને કવન વિશે કદાચ સૌથી વધારે લખાયું છે. મહાત્મા ગાંધીના પત્રવ્યવહારો અને તેમના વિચારો અંગે લગભગ સો ગ્રંથોમાં નવજીવન પ્રકાશને 'ગાંધીજીનો અક્ષરદેહ' નામે પ્રકાશન કર્યું છે.
- ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' પણ એટલો જ મહત્ત્વપૂર્ણ ગ્રંથ ગણાવી શકાય. મહાદેવભાઈ દેસાઈએ ગાંધીજીની જીવનચયને ચાલીસ જેટલા ભાગોમાં 'મહાદેવભાઈ ડાયરી' શીર્ષક તળે આવરી લીધી છે. લેયિન્સ અને કોલિયરે 'અડધી રાત્રે આઝાદી' જેવો મહત્ત્વપૂર્ણ ગ્રંથ લખ્યો છે. રામચંદ્ર ગુહાએ 'ઇન્ડિયા આફટર ગાંધી અને બિપિનચંદ્ર એ 'સ્વતંત્રતા કે બાદ કા ભારત' જેવા અગ્રિમ ગ્રંથો લખ્યા છે. આ પુસ્તકો આધુનિક ભારતના ઇતિહાસને આપણી સમક્ષ ખડું કરે છે.